

શ્યામા પ્રસાદ* ક્યાંક દેખાતા નથી, પક્ષ રહ્યો છે ક્યાં?
ને ગાંધીવાદે મારી ગૂંલાટ, હવે પક્ષ રહ્યો છે ક્યાં?
'ભારતીય જનતા-કૉંગ્રેસ' રાખો આ 'ભેળ'નું નામ -
વ્યક્તિગત લાલસાઓ છે, પક્ષ તો હવે રહ્યો છે ક્યાં?
(સિધ્ધાંત વિહીન પક્ષાંતરો)
★ ભારતીય જનસંઘના સ્થાપક

ભાંગેલી નાવ
- ને 'કેપ્ટન' અનેક -
મળે ન દિશા!
(બેઠી દુર્દશા)

સત્તા-ખંડણી,
ભ્રષ્ટાચારના પંકે -
ખિલ્યું 'કમળ'
(ખદબદે આરોપો)



ચિંતન

વરમસિધારા તરૂતલવાસો વરમિહ ભિક્ષા વરમુપવાસઃ ।
વરમપિ ઘોરે નરકે પતનં ન ચ ધનગર્વિત બાંધવ શરણમ્ ॥

'ધન નિંદા' નામના સુભાષિત રત્ન ભાંડાગાર ગ્રંથના બીજા પ્રકરણનો આ શ્લોક છે :

'તલવાર'ની ધાર પર સૂઇ જવું સારૂં, ઝાડ નીચે વાસ કરવો સારો, ભીખ માંગવી પણ સારી, ભૂખ્યા રહી અપવાસ કરવા પડે તો તે પણ સારા, અરે ઘોર નરકમાં પણ પડવું સારૂં, પરંતુ પૈસાના અભિમાની એવા ગર્વિષ્ઠ મિત્ર-ભાઇ-સંબંધીના શરણે જવું સારૂં નહીં.'

ધનનું અભિમાનથી માણસ વિનય, વિવેક, નમ્રતા, નાના-મોટાની સમજ, અને માન-અપમાનનાં ધોરણ ભૂલી જાય છે; પરિણામે વડીલ હોય કે મિત્ર, નિકટના સંબંધી હોય કે જ્ઞાતિજન તેમની સાથે તેનો વર્તાવ ખૂબ જ અક્કડ-તૂમાખી ભર્યો અને અપમાનજનક થઇ જાય છે.

જે સ્વમાની, આત્મ સન્માન અને જાતના ગૌરવમાં માનતો હોય એવા સજ્જને કદાપિ આવી ધનિકની પાસે યાચના કે કોઇ આશા રાખી જવું જ ન જોઇએ.

અહીં દૃષ્ટાંત આપી સમજાવવામાં આવ્યું છે કે તલવારની ધાર પર ચાલવાનું ગમે તેટલું કષ્ટદાયક હોય, ટાઢ-વરસાદમાં વૃક્ષની ઓથે ભલે રહેવું પડે, ભીખ ભલે માગવી પડે પણ ધનના અભિમાની ને શરણે જવાય નહીં.

સુવિચાર

- આપણે એવું જીવન જીવીએ કે આપણી અત્યેષ્ટિમાં આવનાર દરેક આંસુ સારે- **પેટ્રાક**
- આપણે શાંતિપૂર્વક જીવન જીવવાની યોજનામાં વ્યસ્ત રહેવામાં જીવન પસાર કરી નાખીએ છીએ અને જીવનનો અંત આવી જાય છે **- ઇમર્સન**
- માણસ કેવી રીતે મર્યો એનું મહત્ત્વ નથી એ કેવી રીતે 'જીવ્યો' એ મહત્ત્વનું છે **- હજરત અલી**
- પ્રેમ અને પ્રસન્નતાથી ભરપૂર જીવન જ જીવન છે ધન-સમૃધ્ધિથી ભરપૂર નહીં- **રસ્કીન**
- સ્વાભિમાન, આત્મસંયમ અને આત્મજ્ઞાન આ ત્રણ જ જીવનને અલૌકિક શક્તિ તરફ દોરી જાય છે **- ટેનીસન**
- લોકો લાંબુ જીવન જીવવા ઇચ્છે છે પણ સાંચુ જીવન જીવવાનો પ્રયત્ન પણ કરતાં નથી **- કોલ્ટન**
- જીવનના રંગમંચ પર આપણને મળેલાં પાત્રને ન્યાયપૂર્વક-નિષ્ઠાપૂર્વક ભજવીએ એજ જીવનની સફળતા છે **- એસ. ભટ્ટાચાર્ય**

બોધ કથા

ભજન-કીર્તન-તપ-પૂજા-પાઠ-સાધનામાં નિયમોના બંધન અને દેખાડો-દંભ બહુ આવી ગયા છે. જો રોજના નિયમ મુજબ નહીં કરીએ તો લોકો શું કહેશે? આપણા ઘરમાં સામાન્ય વર્તનમાં પણ આપણને ગમે એનાં કરતાં બીજાને ગમે એવું વર્તન કરીએ છીએ. હકીકતમાં તો બધું 'સહજ', 'કુદરતી' તમારા આત્માના અવાજ મુજબ તમને ગમે તેમ અને તો જ કોઇ પણ ક્રિયા-કામ કરવાં જોઇએ.

બાદશાહે એક સૈયદને પોતાનો મહેમાન બનાવ્યો.

સૈયદે બાદશાહ સાથે નમાજ પઢી, પણ પોતાના રોજના નિયમથી વધારે લંબાવી-લંબાવી કરી, બાદશાહ પર છાપ પાડવા જ સ્તો!

પછી-જમવા બેઠા વિવિધ પકવામાંથી સૈયદે તો માત્ર એક રોટલો ને શાક જ ખાધું, અને પોતાનો 'સાદગી'નો દંભ ઊભો કર્યો.

સૈયદ ઘેર આવ્યો અને કહ્યું બીબીજાન આજે તો નમાજ પઢી પઢી શરીર તૂટે છે, અને જલ્દી જે બનાવ્યું હોય તે ખાવાનું પીરસ!

બીબી કહે, તમે તો બાદશાહને ત્યાં મહેમાન હતા ને? એ તો બાદશાહ પર ઓસાપ પાડવા સાવ ઓછું ખાધું - એનાથી પેટ ન ભરાય - ... સંતોષ ન થાય.

બીબી કહે તો નમાજ પણ બીજી વાર પઢો એ દંભની નમાજથી અલ્લાહને પણ સંતોષ નહીં થયો હોય!!

સ્વ શ્રી હરિશંકર પુરાણીએ 'મારી જીવન સાધના' ની કેફિયત આપી છે, તો તેમના સુપત્ર એવા ભાનુપ્રસાદ પુરાણીએ 'સ્મરણ વીથિકા' નામે જીવન સંસ્મરણો આપ્યાં છે

સમાચાર સેતુ

● ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક રાબેતા મુજબ તા. ૯-૧૨-૨૦૧૨ના રોજ સાંજે ૫ : ૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ સેક્ટર-૨૨ ખાતે મળશે, જેમાં વાર્ષિક કાર્યક્રમ અંગેની રૂપરેખા અને આગામી કાર્યક્રમો બાબતે મહત્ત્વપૂર્ણ ચર્ચા તેમજ સ્વરચિત કૃતિઓનું વાંચન થશે.

● ગાંધીનગર સાહિત્ય સભાના યુવા સદસ્ય સંજય થોરાતના પિતાશ્રીનું અવસાન થતાં સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટ તેમજ ઉપપ્રમુખ ભરતભાઇ કવિએ તેમના નિવાસસ્થાને જઇ શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

● ગુજરાતી - હિન્દી સાહિત્યના જાણીતા સાહિત્યકાર ડૉ. ચંદ્રકાન્ત મહેતાને તાજેતરમાં 'હિન્દી સેવા રજત જયંતિ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો. જેમાં રાજ્યના રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવ ભાગ્યેશ જહાના હસ્તે તેઓને શાલ ઓઢાડી તામ્રપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સાહિત્યસભા તેમને અભિનંદન પાઠવે છે.

● સાહિત્ય સામયિક 'ઉદ્દેશ'ના તંત્રી પ્રબોધ જોશીનું તાજેતરમાં કેન્સરની વ્યાધિના કારણે અવસાન થયું. તેઓ જાણીતા કવિ હતા. તેમના કાવ્યસંગ્રહ 'મારે કોઇ નામ આપવું બાકી છે.' અને 'પાછો ઉઘાડ નીકળ્યો' થી જાણીતા બન્યા હતા. ગાંધીનગર સાહિત્યસભા તેમને શ્રધ્ધા સુમન અર્પણ કરે છે.

● ગુજરાત સાહિત્ય સંગમના ઉપક્રમે ચિત્રસેન શાહના કાવ્ય સંગ્રહ 'વનેચંદના પુત્રનો વરઘોડો'નું લોકાર્પણ અને જ્યોતિન્દ્ર દવે સાહિત્યશ્રી એવોર્ડ અર્પણ સમારોહ તાજેતરમાં યોજાઇ ગયો. ચિત્રસેન શાહ ગાંધીનગર સાહિત્ય સભાના સદસ્ય છે એમને ખુબ ખુબ અભિનંદન.

- સંપાદક

પિતા-પુત્રની સ્મરણ વીથિકા

પિતા અને પુત્ર બંને આત્મકથા લખે તેવો યોગ ગુજરાતી સાહિત્યમાં થયાનું જાણ્યું નથી. દલપત-નાનાલાલ વિખ્યાત પણ કવિતા માટે હરિશ્ચંદ્ર અને મેઘનાદ ભટ્ટ પણ કવિ પિતા-પુત્ર. સ્વ શ્રી હરિશંકર પુરાણીએ 'મારી જીવન સાધના' ની કેફિયત આપી છે. તો તેમના સુપત્ર એવા ભાનુપ્રસાદ પુરાણીએ 'સ્મરણ વીથિકા' નામે જીવન સંસ્મરણો આપ્યાં છે.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
'શબ્દ સેતુ'
સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

દલિત સાહિત્યમાં આત્મકથાનું વિશિષ્ટ સ્થાન છે. મરાઠી દલિત સાહિત્યમાં દયા પવારની 'અછૂત' પછી આત્મકથાની પરંપરા ચાલી અને તે ગુજરાત સુધી પહોંચી. બી. કેશર શિવમ્, શ્રી પુરૂષોત્તમ વાલેરા, વિઠ્ઠલરામ, શ્રીમાળી, નટુભાઇ પરમાર એમ. ઘણી છે. સર્જક-ચિંતકો એ આત્મકથાઓ આપી છે. તેમાં શ્રી ભાનુપ્રસાદ પુરાણીની આત્મકથામાં સમૃધ્ધિ વધારે છે.

તેમના પિતાશ્રી હરિશંકર પુરાણી પણ બ્રિટીશ-ગાયકવાડ જમાનાના શિક્ષક હતા. તે કેવો જમાનો હતો! પિતાનું જમીન મહેસૂલ બાકી હતું એટલે એ હરિશંકરને પકડી ગયો ને અગૂંઠા પકડાવ્યાં! તો વળી એક તલાટીએ તેમની જમીન વેચાતી લેા માગી. ન આપી તો બાજુવાળાની જમીન સાથે સેળભેળ કરી ખોટા નકશા બનાવ્યા. ગોધરા ઠક્કરબાપાને મળ્યા. ઠક્કરબાપાનું નામ સાંભળતા જ તલાટી થથરી ગયો! શ્રી હરિશંકરનાં માતુશ્રી પર ભારે સ્વામી હતા. એક શેઠે તેમના ખેતરમાં થઇ જવા રસ્તા માટે દાવો કર્યો તો તેઓ તેની દુકાનના આગલા બારણાથી પાછળ જવા નીકળ્યાં. શેઠ કહે - એ ગાંડી, જોતી નથી, આ તારા બાપનો રસ્તો છે? તો તેમણે ચોપડાવ્યું મારા ખેતરમાં તારા બાપનો રસ્તો છે?

અંગ્રેજ કલેકટરને નોકરી માટે મળવા ગયા તો પટાવાળાએ ધરાર ખાદીની ટોપી ઉતરાવી, તેની ટોપી પેરાવીન જ અંદર જવા દીધા! જવાબ આજે મળે તેવો જ મળ્યો. જે તે ખાતાને અરજી કરો! તો કલેકટરે શું ખાલી રોફ મારવાનો? આખરે સૂરત જિલ્લાના અબ્રામા ગામે (હાલ વાર્તા લેખિકા હિમાંશી શેલત રહે છે તે) નોકરી મળી. એ જમાનામાં એક દલિતને રહેવા - જમવાની તકલીફ ન પડે તેની નવાઇ લાગે છે. શ્રી હરિશંકર - અનાવિલ બ્રાહ્મણોની પ્રશંસા કરે છે.

ગાંધીજીની દાંડીકૂચ વેળા નોકરીમાંથી રાજીનામું આપવા હરિશંકર તૈયાર થઇ ગયા તો દલિતોના તારણહાર એવા પરિક્ષિતલાલ મજુમદારે રોક્યા. મજુમદાર સવર્ણ સમાજમાં અસ્પૃશ્ય ગણાતા! હરિશંકરને લેખો લખવાનો શોખ હતો પરંતુ તેનાં મનીઓર્ડર આવતાં તો તે સ્વીકારતા નહિ! આપણા કલમઘસૂ કૉલમીસ્ટોને સાદર! શ્રી હરિશંકરે અબ્રામામાં ગાંધીજીને સાંભળેલા અને સરદાર વલ્લભભાઇ સાથે પોંક ખાધેલાં! બાબાસાહેબ આંબેડકર અને ડૉ. પુરૂશોત્તમ સોલંકી સાથે પણ પરિચય.

પ્રસંગને અનુરૂપ કાવ્ય રચના કરેલી તે બાબા સાહેબ આંબેડકરે તો વાંચવાની અનુમતિ આપી પરંતુ ડૉ. સોલંકીએ ન આપી!

હવે તો 'હરિજન' શબ્દના વિકલ્પે 'દલિત' શબ્દ પ્રચલિત થયો છે પરંતુ ગાંધીજીએ જયારે અત્યંજમાંથી આ નામ આપ્યું ત્યારે બાબાસાહેબ આંબેડકરે વિધાનસભામાં વિરોદ કરેલો. કોંગ્રેસની બહુમતી હતી એટલે ઠરાવ તો પસાર થશો જ પરંતુ આંબેડકર સાહેબના સાથીઓ અને પક્ષનો વિરોધ ચાલુ રહેલો. શ્રી હરિશંકર એ જમાનામાં પ્રાથમિક શિક્ષક હોવા છતાં ગાંધીજીને પત્ર લખેલો કે 'શું અત્યંજો જ હરિના જન છે? તો સવર્ણો કોના?' દલિત સમાજની વિડંબના એ છે કે તેને ગમે તે નામ આપો તેની સાથે અસ્પૃશ્ય અને સૂગ-ધ્રૃણા જોડાઇ જાય છે. બી.સી.શાહનાં મ્હેણાં-ટોણાં કોણે નહિં સાંભળ્યાં હોય? અત્રે એક અંગત વાત કરવાનું મન થાય છે. મારા પિતાજી પણ એક પ્રાથમિક શિક્ષક હતા. પરંતુ ચારણી સાહિત્યના અભ્યાસી હતા. તેમણે પણ ગાંધીજીને પત્ર લખેલો કે સત્યાગ્રહનાં મૂળ ચારણોનાં ત્રાંગામાં રહેલાં છે.' બંને શિક્ષકોને ગાંધીજીના પ્રત્યુત્તર મળેલા પણ શ્રી હરિશંકરે તો ગાંધીજીને રૂબરૂ મળવાનું નક્કી કર્યું. બારડોલી આશ્રમમાં ગાંધીજીને મળ્યા. નામ પૂછતાં ગાંધીજી ઓળખી ગયા ને શ્રી હરિશંકરને પૂછ્યું કે, 'તમે જ કહો ને કયો શબ્દ વાપરવો?' પછી બોલ્યા, 'પ્રભુ કૃપા હશે તો કોઇ બીજો વિચાર (કે નામ) પ્રગટશે તો હું તેમ કરીશ! આનંદ એ વાતનો છે કે, શ્રી હરિશંકર ગાંધીજીનાં દર્શન પામ્યા. ઇસ્લામી સંસ્કૃતિમાં જેણે મહંમદ પયગંબર સાહેબના દર્શન કર્યા હોય તે પવિત્ર ગણાય. એટલું જ નહિ, એના દર્શન કર્યાં હોય તે પણ પવિત્ર ગયા. એવાં એક પીરની દરગાહ શિયાળબેટમાં છે, તે સહજ.'

મુંબઇ ઇલાકામાં નશાબંધી જાહેર થઇ એટલે એ જમાનામાં ૧૪ કરોડની ખોટ પૂરી કરવા શિક્ષકોના પગારમાં કાપ આવ્યો! વાહ નશાબંધી! આ કરતાં પોલીસને બદલે શિક્ષકોને આ કામ સોંપ્યું હોત તો વધુ સારાં પરિણામ આવત!

શ્રી હરિશંકર વલ્લભભાઇ સાથે દહીં-પોંક ખાધો છે અને મોરારજી દેસાઇનાં ખેતરમાં જાંબુ ખાધા છે! એવા વીરલા કોક!

એકવાર સુરતથી ગોધરા ટ્રેનમાં જતાં એક બાવાજી આધ્યાત્મિક વાતો કરવા માંડ્યા. જેવું હરિશંકરે કહ્યું કે પોતે પછાત વર્ગનો બ્રાહ્મણ છે કે તરત બાવાજીનું તેજ ઓસરી ગયું ને ચૂપ થઇ ગયા!

ગવર્નર (પછીથી વાઇસરોય) થયેલા લીન લીથગો ગોધરા આવવાનાં હોવાથી શિક્ષણ જગતની સારી છાપ પડે તે સારૂં શ્રી હરિશંકરને સુરતથી જિલ્લા ફેર બદલી કરી વતનના જિલ્લા પંચમહાલમાં મૂકવામાં આવ્યા! મારા ગામે પણ જયારે ગવર્નર મ્હેદી નવાજ જંગ આવેલા ત્યારે ગામમાં કોઇને સારૂં હિન્દી બોલતાં આવડે નહીં એટલે મારા પિતાજીને ગામના પ્રશ્નો માટે આગળ ધરવામાં આવ્યા હતા અને ગવર્નર સાથે અમે ભોજન લીધેલું!

એકવાર બસમાં બેસવા જતાં કંડકટરે તેના સગાને પ્રવેશ આપ્યો તેથી શ્રી હરિશંકર નારાજ થઇ ચાલવા માંડ્યા. ખુબ આગળ જતાં બસ કંડકટરે કહ્યું, આવી જાવ. તો હરિશંકરને થયું, 'સ્વાર્થ કે સ્વમાન?' તેમણે બેસવાની ના પાડી સ્વમાન જાળવ્યું. એકવાર તો કંડકટર પર પોલીસ કેસ જ ઠોકી દીધેલો! આવા સ્વમાની હતા શિક્ષક શ્રી હરિશંકર.

આવા તો ઘણાં પ્રસંગો ટાંકી શકાય તેમ છે પરંતુ સમય-સ્થળની મર્યાદા આડી આવે છે. હવે તેમના સુપુત્ર શ્રી ભાનુપ્રસાદ પુરાણીની 'સ્મરણ વીથિકા'માં પ્રવેશ કરીએ.

સ્મરણ વીથિકાનું સ્વાગત તો પદ્મશ્રી પ્રવીણ દરજી અને નિરીક્ષકના વિચારક તંત્રી શ્રી પ્રકાશ ન. શાહે તીર્થનું જળ - તીર્થોદક કરી કર્યું છે.

'અગન પિછોડી' માં એક રબારી સ્ત્રી કેસીની કરૂણ કથા શ્રી ભાનુભાઇએ કરી છે. એનાં જૂનવાણી મા-બાપ એને બીજવરને પરણાવવા માંગતા હતાં અને તે એક ઠાકોર યુવકના પ્રેમમાં ગળાડૂબ હતી. આપણા સમાજમાં નાત-જાતનાં ચોકઠાં તો એટલા જડબેસલાક છે કે આખરે તેણે આત્મહત્યા કરવી પડી. 'કોયલના ટહુકાથી આંબાવાડિયું ગાજી ઊઠે એમ હસ્તી જાય ને કામ કરતી જાય.' કેસીનું સરસ રેખાચિત્ર દોરાયું છે. 'હાસ્યનું લીંપણ લીંપાઇ ગયું!' માં સરસ ઉપમાનો વિનિયોગ થયો છે.

પિતા અને પુત્ર બંને એમનાં આયખામાં ડૂબતાં બચી ગયેલ છે. શ્રી હરિશંકર મિત્રોને બચાવવા જતાં ડૂબેલા તો ભાનુભાઇ કમળ લેવા જતાં ડૂબેલાં!

(વધુ આવતા અંકે...)

દિવસની શરૂઆત પ્રાર્થનાથી કરવાનું રાખો અને એ એવી ઊંડી ભાવનાથી ખરો કે તેનો પ્રભાવ સાંજ સુધી તમારા મન પર રહે અને દિવસનું કામ પણ પ્રાર્થનાથી પૂરૂં કરો જેથી રાત પણ મીઠાં કે માઠાં સ્વપ્નો વગરની શાંતિથી ભરેલી જાય

પ્રાર્થના
- મહાત્મા ગાંધી

હું માનું છું કે પ્રાર્થના ધર્મનો ખુદ આત્માનો સાર છે અને કોઇ માણસ ધર્મ વગર જીવી શકતો નથી તેથી પ્રાર્થના તેના જીવનનું હાર્દ હોવી જોઇએ. કેટલાક પોતાના બુધ્ધિના અભિમાનમાં કહે છે કે અમારે ધર્મ સાથે કશી લેવાદેવા નથી. પણ તેમની વાત કોઇ માણસ કહે કે હું શ્વાસ લઉં છું પણ મારે નાક નથી તેના જેવી થઇ. બુધ્ધિથી, અગર સ્વાભાવિક પ્રેરણાથી, અગર વહેમથી માણસ દિવ્ય તત્ત્વની સાથે કોઇક જાતનો સંબંધ સ્વીકારે છે. હડહડતામાં હડહડતો અજ્ઞેયવાદી કે નાસ્તિક સુધ્ધાં કોઇક નૈતિક સિધ્ધાંતની જરૂરનો સ્વીકાર કરે છે અને તેના અમલમાં કંઇક સારૂં અને તેનો અમલ ન કરવાની વાતમાં કંઇક બૂરૂં રહેલું છે એવું માને છે.

પ્રાર્થના કાં તો આજીજીરૂપે હોય અથવા વધારે વ્યાપક અર્થમાં અંતરમાં ઇશ્વર સાથે અનુસંધાન હોય. બંને અર્થમાં સરવાળે પરિણામ એક જ આવે છે. ઇશ્વરને આજીજીરૂપે થતી પ્રાર્થનામાં પણ આત્માને શુધ્ધ કરવાની અને તેના પર ચડેલા મેલ દૂર કરવાની, તેના પર ચડેલા અજ્ઞાનનાં અંધારનાં પડળમાંથી તેને મુક્ત કરવાની માગણી જ હોય છે. તેથી પોતાના અંતરમાં વસતા ઇશ્વરને જગાડવાની જેને તાલાવેલી લાગી હોય તેને પ્રાર્થનાનો આધાર લીધા વગર છૂટકો નથી. પરંતુ પ્રાર્થના કેવળ થોડા શબ્દોનું પોપટિયું રટણ નથી કે તેવા રટણનું શ્રવણ નથી અથવા કોઇક મંત્રનો અર્થ વગરનો પાઠ નથી. આત્માને ઢંઢોળીને જગાડતું ન હોય તેવું રામનામનું કેટલુંય રટણ થાય તોયે મિથ્યાં છે. પ્રાર્થનાનાં શબ્દો ન હોય પણ દિલ હોય તે વાત શબ્દો હોય પણ દિલ ન હોય તે વાતના કરતાં બહેતર છે. પ્રાર્થના માટે આત્માને ભૂખ ઉપડી હોય તેને શમાવવાને જ તે હોવી જોઇએ અને ભૂખ્યા માણસને ઊલટભેર પૂરૂં ભોજન કરવામાં જેનો સ્વાદ એવો છે તેવો ભૂખ્યા અથવા ઇશ્વર સાથે અનુસંધાન સાથે તલસતાં જીવને પ્રાર્થનામાં સ્વાદ આવશે અને મારો પોતાનો તેમજ મારા સાથીઓનો થોડો અનુભવ તમને જણાવું કે પ્રાર્થનાના જાદુનો જેને એક વખત અનુભવ થયો છે તે દિવસો સુધી ખોરાક વગર ચલાવશે પણ પ્રાર્થના વગર તેને એક ક્ષણ પણ નહીં ચાલે. એનું કારણ એવું કે પ્રાર્થના વગર અંતરની શાંતિ નથી.

આપણને આપણા માનવબંધુઓની સેવા કરવાનો જન્મ મળ્યો છે અને આપણે પૂરા જાગ્રત ન રહીએ તો તે સેવા કરી શકતા નથી. માણસના અંતરમાં પ્રકાશ અને અંધકારના બળો વચ્ચે નિરંતર કારમાં યુધ્ધ ચાલ્યાં છે અને જેની પાસે પ્રાર્થનાનો આધાર નથી તે અંધકારનાં બળોનો ભોગ બન્યા વગર રહેવાનો નથી.

પ્રાર્થના કરનારો જીવ અંતરમાં અને બહારની આખીયે દુનિયા સાથે શાંતિ અનુભવશે પ્રાર્થનાથી ભરેલો દિલ વગર જે માણસ દુનિયાના વહેવારોમાં પ્રવેશ કરશે તે જાતે દુઃખી થશે અને દુનિયાની સ્થિતિ સાથે પ્રાર્થનાનો જે સંબંધ છે. તેની વાત જવા દઇએ તો પણ પોતાની આસપાસની જીવોથી ભરેલી દુનિયામાં પ્રાર્થના તેને માટે અપાર મૂલ્યવાન વસ્તુ છે. આપણાં રોજ-બ-રોજનાં કામોમાં વ્યવસ્થા, શાંતિ અને સરળતા આપમેળે લેવાતી રહેશે. ચોરસના એક ખૂણાનો સરખો કરતાંવેંત બાકીનાં આપમેળે સરખા થયા વિના રહેતા નથી. તેથી દિવસની શરૂઆત પ્રાર્થનાથી કરવાનું રાખો અને એ એવી ઊંડી ભાવનાથી ખરો કે તેનો પ્રભાવ સાંજ સુધી તમારા મન પર રહે અને દિવસનું કામ પણ પ્રાર્થનાથી પૂરૂં કરો જેથી રાત પણ મીઠાં કે માઠાં સ્વપ્નો વગરની શાંતિથી ભરેલી જાય. પ્રાર્થના કેવી કરવી ને તેનું સ્વરૂપ કેવું રાખવું તેની ફિકરમાં પડશો મા. તેનું સ્વરૂપ ગમે તે હો પણ તેનાથી તમારૂં ઇશ્વર સાથે અનુસંધાન થવું જોઇએ.

★ 'શાંત તોમાર છંદ' પુસ્તકમાંથી સાભાર.
(સંકલન : રમેશ સંઘવી)

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૮મી ડિસેમ્બર

● સ્વતંત્ર્ય ભારતના પ્રથમ ગવર્નર જનરલ, તીવ્ર દેશદાઝ, અગાઢ વિદ્વતા, અને મુત્સદ્દીગીરીના સ્વામી ચક્રવર્તી રાજગોપાલચારી - રાજાજીનો જન્મ - ૧૮૯૮.

● ઘોડોપંત - નાનાસાહેબ પેશ્વા, સ્વાતંત્ર્યવીર, સત્તાવનની સ્વાતંત્ર્ય લડતના સંચાલકનો જન્મદિન.

● ડેવિડ લિવિંગ્સ્ટન - દક્ષિણ આફ્રિકાના શોધકનો દ. આફ્રિકામાં પ્રવેશ કર્યો - ૧૯૪૦

● ૧૯૯૬ - સૌથી નાની વયે ટેસ્ટ ક્રિકેટમાં ૩,૦૦૦ રન પૂરા કર્યા : સચિન તેડૂંલકરે - ૨૩ વર્ષ, ૨૨૮ દિવસ.

● ૧૮૮૦ - પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનો જન્મદિન.



૧૯૭૮ - ઇઝરાયેલના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી ગોલ્ડ માયરનું નિધન.

એણે લાંબુ વિચાર્યા વગર ડિશ પોતાના સ્યૂટમાં જ મંગાવી લેવાનું કહી દીધું હતું ત્યારે એને કયાં ખબર હતી કે પોતે સામે ચાલીને આફત નોતરી રહી હતી? અલબત્ત શાયરી અને આફત વચ્ચે પસંદગી કરવાની આવે તો પોતે આફતની જ કરે!

'ચૂડેલ'
- કેશુભાઇ દેસાઇ

ડ્રિંક્સ કંઈક વધુ પ્રમાણમાં લેવાઈ ગયું હશે, એમ સમજી ધરાએ પડખું ફરીને સૂઈ ગયેલા આકાશને ડિસ્ટર્બ કરવાનું માંડી વાળ્યું. જરા વધુ પડતો બહેલાવી દીધો, એનું જ પરિણામ. કલાકારને તો કોઈ દાદ આપનારૂં ખપે. દાદના નશામાં દારૂનો નશો ભળે, પછી બાકી જ શું રહે? - થોડું અજુગતું જરૂર લાગી રહ્યું હતું, છતાં ચાલે! અહીં ક્યાં કોઈ પૂછનાર હતું? અહીં કોઈ અચાનક તો આવી ચડવાનું નહોતું. ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટરનો વીઆઈપી સ્યૂટ હતો. મોડી રાત સુધી પાસેના સ્યુટમાં ઊતરેલા આકાશની શાયરી સાંભળી સાંભળી આધેડ વયે પહોંચેલી ધરા એકાએક ખાસ્સી વીસેક વરસ નાની બની ગઈ હતી. વધુ પડયું ડ્રિંક્સ લઈ લથડિયા ખાવા લાગેલા 'પરદેશી' શાયરને એણે આરામ ફરમાવવા જણાવ્યું ત્યારે બંદાએ આજ્ઞાંકિત 'પેટ'ની જેમ એના જ ડબલ બેડમાં લંબાવી દીધું હતું. ધરા વખત પૂરતી મૂંઝાઈ પણ હતી : હવે આ મહાશયને બેઠી કરીને એમના સ્યૂટ સુધી પહોંચાડવા માટે તો બેલ મારીને બેરાને જ બોલાવવો પડે. પણ એમ કરવાથી એક યુવાન હૈયા પર કેવા ઉઝરડા પડશે, એવા વિચાર માત્રથી એ વ્યથિત થઈ ગઈ હતી. આમેય રાતના બે વાગી ચૂક્યા હતા. કાઉન્ટર પરથી માણસને ઉપર બોલાવવામાં પણ જોખમ તો હતું જ. આખરે ગમે તેમ તોયે પોતે સ્ત્રીનો અવતાર. કલાકાર તરીકે ગમે તેટલી મોટી સેલિબ્રિટી બની ગઈ હોય તોય લોકોની નજરમાં તો એ સ્ત્રી જ હતી... પચાસ વટાવ્યા પછી પણ આંખમાં વસી જાય એવી...

કારણ વગરની વાતો વાયરે ફૂંકાય. 'ધરા મેડમની સાથે મધરાત ઢળ્યા પછી કોઈ પુરૂષ ડ્રિંક્સ લેતો હતો,' એટલા સમાચાર મૂડિયા માટે તો હૉટ ન્યૂઝ આઈટમ બની જાય. બેઉની બદનામી થાય - વગર વાંકે! બિચારો માંડ ત્રીસીમાં પ્રવેશેલો યુવાન શાયર અહીં તો ઠીક, પણ એના દેશમાંયે વગોવાઈ જાય. હજી તો ઊગતી કારકિર્દી છે. 'નેશનલ બુક ફેર' નિહાળવા આવ્યો છે, એની ફજેતી થઈ જશે તો ફરીવાર એના આ પિતૃદેશમાં પગ મૂકવાનો વિચાર નહીં કરે...

એણે ડિમલાઈટના અજવાળામાં બે ચહેરાની સરખામણી કરવા માંડી. એટલું બધું સામ્ય વરતાઈ રહ્યું હતું - બેઉ ચહેરાઓમાં! કેટલીય બાબતોમાં એની પડખે અર્ધબેહોશ હાલતમાં સૂતેલો આકાશ એ દુષ્ટ માણસને મળતો આવતો હતો. એનો અવાજ પણ અદ્દલ પાંત્રીસ વરસ પૂર્વે કાને અથડાયો હોય એવો લાગતો હતો. એવાં જ લટૂડાં પટૂડાં, એવી જ મજાક - મશ્કરી, અજાણ્યા જણ સાથે ઓતપ્રોત થઈ જવામાં પણ અદ્દલ એ નખોદિયા જેટલો જ ચતુર... નહીંતર પોતે સામે ચાલીને એને બોલાવવા થોડી જ ગઈ હતી? લોકનૃત્યનો સેમિનાર અટેન્ડ કરીને એ તો ખાસ્સી થાકી ગયેલી હતી. આ આફતનું પોટલું અણધાર્યું આવી ચડ્યું હતું; અધખૂલી રૂમ જોઇને ડોકિયું કરી એણે સામેથી પૂછ્યૂ હતું : હાય મૅમ, ડિનર માટે ડાઈનિંગ હૉલમાં જઈશું કે અહીં મંગાવી લઉં? સાડા નવ થયા છે : અડધા કલાક પછી મેસ બંધ થઈ જશે.

-પોતે થાકેલી હતી. ભાવતું'તું ને જાણે વૈદે બતાવ્યું, હસીને પૂછી બેઠેલી : હોપ, યુ આર ઈન ધ નેક્સ્ટ સ્યૂટ, રાઈટ? 'એક્ઝેટ્લી.' અને બધાં 'આકાશ' કહે છે. કેવો યોગાનુયોગ - તમારૂં નામ 'ધરા' છે ભૂલતો ન હોઉં તો! ડૉ. ધરા દેસાઈ, બરાબર? ધરાએ હકારમાં સ્મિત કર્યૂ, ત્યાં એણે ઉમેર્યું : 'વેમ્બલી, લંડનમાં જ જન્મ્યો છું. પણ મારાં રૂટ્સ ગુજરાતમાં જ છે...' અને તમને ખબર ન હોય પણ તમારા લૅકચર વખતે પણ હું ઑડિટોરિયમમાં હાજર હતો - છેક છેલ્લી રૉમાં બેઠો હતો. યુ સ્પૉક વૅરી નાઈસલી... બધાં વ્યાખ્યાનોમાં તમારૂં મને સૌથી વધારે ગમ્યું. તમે લોક કલાકારોની દુખતી રગ પકડી બતાવી, જે તરફ અન્ય કોઈ વક્તાએ ઈશારો સુધ્ધાં નહોતો કર્યો!

- ધરાને થયું : ચાલો, કોઈક તો કદર કરનારૂં મળ્યું! એની સતત થતી રહેલી ઉપેક્ષા સામે કોઈ ફાંકડો જુવાન એના આળા હૈયા પર ચંદનલેપ કરી રહ્યો હતો. એય પાછો યુરોપથી આવીને!

એણે લાંબુ વિચાર્યા વગર ડિશ પોતાના સ્યૂટમાં જ મંગાવી લેવાનું કહી દીધું હતું. ત્યારે એને કયાં ખબર હતી કે પોતે સામે ચાલીને આફત નોતરી રહી હતી? અલબત્ત શાયરી અને આફત વચ્ચે પસંદગી કરવાની આવે તો પોતે આફતની જ કરે!

બેરો બે વેજિટેરિયન ડિશ લઈને આવ્યો ત્યારે ખૂબ વિનમ્ર સ્વરમાં આકાશે જાણે કાનમાં કહેતો હોય એમ ધીમેથી પૂછ્યું : 'મૅમ, તમને વાંધો ન હોય તો હું...' થોથવાઈને એણે કહેવું હતું તે કહી જ દીધું : 'યુરોપિયન કલ્ચરમાં મોટો થયો છું. જમતાં પહેલાં થોડું ડ્રિંક્સ લેવાની હેબિટ છે. ઈફ યુ ડો'ન્ટ માઈન્ડ, તમારી સાથે...'

'જે મંગાવવું હોય તે મંગાવી લો. આ થોડું ગુજરાત છે કે પોલીસ રેડ પાડવા આવશે?' ધરો એના લાક્ષણિક સ્મિત સાથે ઉમેર્યું : 'પણ બહુ લવું સારૂં નહીં... લિવર બગડે, ખબર છે ને?' 'પાક્કી ખબર છે મૅમ. બલકે મારૂં ચાલે તો આ વસ્તુ છોડી જ દઉં... મન ચંચળ છે, બુધ્ધિનું કહ્યું, માનતું નથી... ક્ષણ-બે ક્ષણ એ ઊંડા વિષાદમાં ગરકાવ થઈ ગયો. સિરોસીસની બીમારીથી ગુજરી ગયેલા પિતાનો ચહેરો નજર સમક્ષ તરવરી રહ્યો. ધરાને એના બદલાયેલા મુખભાવનો અંદાજ આવે એ પહેલાં એ સ્વસ્થ થઈ ગયો.

(અનુસંધાન પાના નં. ૬ પર)